# ગણિત

# એકમ કસોટી

## ધોરણ-4 (પ્રથમ સત્ર)


**કામાતળાવ પ્રા. શાળા**

તા. ધોલેરા, જિ. અમદાવાદ


@ 972 711 7110

## <u>કામાતળાવ પ્રા. શાળા</u>

ધોરણ- 4 એકમ કસોટી કુલ ગુણ- ૨૦

સમય- ૧ કલાક **1. ઈંટોની ઈમારત?** તા.-___________

●**<u>અધ્યયન નિષ્પત્તિ:</u>** ઈંટોના આકાર અને તેની ગોઠવણીની પેટર્ન જાણે. (7 ગુણ)

**નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન ૧ થી ૬)**


**(૧) ઈંટને કેટલી ધાર હોય છે? (૧ ગુણ)**


(અ) ૮ (બ) ૧૦ (ક) ૧૨ (ડ) ૧૪

**(૨) તેલના ડબાને કેટલી બાજુઓ લંબચોરસ હોય છે? (૧ ગુણ)**

(અ) ૨ (બ) ૬ (ક) ૪ (ડ) ૧

**(૩) નીચેનામાંથી કઈ આકૃતિ ઈંટની સપાટી દર્શાવે છે? (૧ ગુણ)**

(અ) 
(બ) 
(ક) 
(ડ) 

**(૪)**  **(૧ ગુણ)**


**આ દિવાલમાં કેટલી ઈંટોનો ઉપયોગ થયો છે?**

(અ) ૮ (બ) ૧૦ (ક) ૧૨ (ડ) ૬

**(૫) ફ્રીઝના ખોખામાં કેટલી બાજુઓ ચોરસ હોય છે? (૧ ગુણ)**

(અ) ૪ (બ) ૨ (ક) ૬ (ડ) ૧

**(૬) આપેલ દીવાલ પર તમે જોઈ હોય તેવી જાળીનું ચિત્ર(પેટર્ન) દોરો. (૨ ગુણ)**



●**<u>અધ્યયન નિષ્પત્તિ:</u>** ૧૦,૦૦૦ સુધીની સંખ્યા ઓની સ્થાનકિંમતને આધારે વાંચે અને લખી શકે. (5 ગુણ)

**કૌંસમાં આપેલ વિકલ્પોની મદદથી ખાલી જગ્યા પૂરો. (પ્રશ્ન ૭ થી ૧૧)**

**(૭) એક ઈંટની કિંમત ૪ રૂપિયા હોય તો ૨૦૦ ઈંટની કિંમત __________ રૂપિયા થાય. (૪૦૦, ૮૦૦, ૧૦૦૦) (૧ ગુણ)**

(૮) જો ૩૦૦ ઈંટોની કિંમત ૧૨૦૦ રૂપિયા હોય તો ૧ ઈંટની કિંમત ________ રૂપિયા થાય. (૫, ૪, ૩) (૧ ગુણ)

(૯) ૧૦૦ હજાર એટલે ______________ લાખ. (૧, ૧૦, ૧૦૦) (૧ ગુણ)

(૧૦) પાંચ હજાર એકને અંકમાં ________________ લખાય. ( ૫૦૧, ૫૦૦૧, ૫૦૦૦૧) (૧ ગુણ)

(૧૧) ૩૬૪૦૫માં ૬ ની સ્થાનકિંમત______________ થાય.(૬૦૦૦,૬૦૦, ૬૦) (૧ ગુણ)

●**અધ્યયન નિષ્પત્તિ**: રોજિંદા જીવનમાં સંખ્યાઓની ગાણિતિક ક્રિયાઓને લાગુ પાડે. (8 ગુણ)

(૧૨) આપેલ માહિતીના આધારે નીચેના દાખલા ગણો.

| | |
|---|---|
| જૂની ઈંટો | ૧૦૦૦ ઈંટોના ₹ ૧૪૦૦ |
| ઈડરની ઈંટો | ૧૦૦૦ ઈંટોના ₹ ૪૦૦૦ |
| હિંમતનગરની ઈંટો | ૧૦૦૦ ઈંટોના ₹ ૩૮૦૦ |

૧. પ્રકાશભાઈને ઈડરની ૫૦૦ ઈંટો ખરીદવી હોય તો તેમને કેટલી રકમ ચૂકવવી પડે? (૨ ગુણ)

૨. રસિકભાઈ ૧૦૦૦ હિંમતનગર ની ઈંટો તેમજ ૫૦૦ જૂની ઈંટો ખરીદે છે. તો તેમને કુલ કેટલી રકમ ચૂકવવી પડે? (૨ ગુણ)

૩. રાજાભાઈ ₹ ૨૦૦૦માં ઈડરની કેટલી ઈંટો ખરીદી શકે? (૨ ગુણ)

૪. મહેશભાઈ ૧૦૦૦ જૂની ઈંટો અને ૫૦૦ હિંમતનગર ની ઈંટો ખરીદે છે. તો તેમને કેટલા રૂપિયા ચૂકવવા પડે? (૨ ગુણ)

# કામાતળાવ પ્રા. શાળા

ધોરણ- 4 | એકમ કસોટી | કુલ ગુણ- ૨૦

સમય- ૧ કલાક | **2. લાંબું અને ટૂંકું** | તા.-___________

●**અધ્યયન નિષ્પત્તિ:** અંતરના નાના-મોટા એકમો જાણે અને રૂપાંતર કરે. (5 ગુણ)

નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન ૧ થી ૫)

(૧) ૧ મીટર = ______________ સેમી (૧ ગુણ)

(અ) ૧૦ (બ) ૧૦૦ (ક) ૧ (ડ) ૧૦૦૦

(૨) ૧૦૦૦ મીટર = __________ કિમી (૧ ગુણ)

(અ) ૨ (બ) ૬ (ક) ૪ (ડ) ૧

(૩) અડધો કિલોમીટર = ______________ મીટર (૧ ગુણ)

(અ) ૧૦૦ (બ) ૧૦૦૦ (ક) ૫૦૦ (ડ) ૫૦

(૪) ૫ કિમીની મેરેથોન દોડ એટલે _______________મીટર દોડ. (૧ ગુણ)

(અ) ૫૦૦ (બ) ૫ (ક) ૫૦ (ડ) ૫૦૦૦

(૫) મેહુલ એક દોડમાં ૩૦૦૦ મીટર દોડ્યો. તો તે __________ કિમી દોડ્યો. (૧ ગુણ)

(અ) ૩ (બ) ૩૦ (ક) ૩૦૦ (ડ) ૩૦૦૦

●**અધ્યયન નિષ્પત્તિ:** લંબાઈને લાગતા વાસ્તવિક જીવનની સરળ પરિસ્થિતિઓ, સમસ્યાઓ આધારિત કોયડા ઉકેલે. (15 ગુણ)

(૬) આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપો.

| રમતનું નામ | વિશ્વ રેકોર્ડ | ભારતીય રેકોર્ડ |
|---|---|---|
| ઊંચો કૂદકો(પુરુષો) | જાવીઅર એસ.(૨ મીટર ૪૫ સેમી) | ચંદ્રપાલ (૨ મીટર ૧૭ સેમી) |
| લાંબો કૂદકો(પુરુષો) | માઈક પી. (૮ મીટર ૯૫ સેમી) | અમ્રિત (૮ મીટર ૮ સેમી) |
| ઊંચો કૂદકો(સ્ત્રીઓ) | સ્ટેફકા કે. (૨ મીટર ૯ સેમી) | બોબી (૧ મીટર ૯૧ સેમી) |
| લાંબો કૂદકો(સ્ત્રીઓ) | ગલીના સી. (૭ મીટર ૫૨ સેમી) | અંજુ (૬ મીટર ૮૩ સેમી) |

૧. અમ્રિતને લાંબી કૂદમાં વિશ્વ રેકોર્ડ બનાવવા કેટલા સેમી વધારે કૂદવું પડે?_________ (૧ ગુણ)

૨. જાવીઅર એસ.ને ૩મીટર કૂદવા માટે કેટલા સેમી વધારે કૂદવું પડે?

________ (૧ ગુણ)

૩. બોબી નો ઊંચો કૂદકો લગભગ________ છે. (૧ ગુણ)

(અ) ૧ મીટર (બ) ૩ મીટર (ક) ૨ મીટર (ડ) ત્રણેયમાંથી એકેય નહીં

૪. જાવીઅર એસ. ચંદ્રપાલ કરતાં ______________ સેમી વધુ ઊંચું કૂદયો. (૧ ગુણ)

૫. કોનો ઊંચો કૂદકો ૯ મીટરની સૌથી નજીક છે?________________ (૧ ગુણ)


(અ) ગલીના (બ) માઈક પી. (ક) અમ્રિત (ડ) અંજુ સી.

નીચેના દાખલા ગણો. (પ્રશ્ન ૭ થી ૧૧)

(૭) ૧૦ સેમી લાંબી લાકડી છે. તેની પાંચ ગણી લંબાઈની લાકડીનું માપ કેટલું થાય? (૨ ગુણ)

(૮) મોનુની ઊંચાઈ ૮૦સેમી છે. તેના પિતાની ઊંચાઈ ૧૬૦સેમી છે. બન્ને ની ઊંચાઈ નો તફાવત જણાવો. (૨ ગુણ)

(૯) (૨ ગુણ)




ભાવનગર થી અમદાવાદ નું અંતર જણાવો.

(૧૦) એક ચોરસ ખેતરની લંબાઈ ૧૦૦ મીટર છે. રોહન આ ખેતરની ફરતે પાંચ ચક્કર લગાવે છે. તો રોહને કેટલા કિમી અંતર કાપ્યું? (૨ ગુણ)

(૧૧) એક વર્તુળાકાર બગીચાની હદની લંબાઈ ૫૦૦ મીટર છે. સુજાતા આ બગીચાના ચાર આંટા મારે છે. તો સુજાતા કેટલા કિમી ચાલી? (૨ ગુણ)

## કામાતળાવ પ્રા. શાળા

ધોરણ- 4 | એકમ કસોટી | કુલ ગુણ- ૨૦

સમય- ૧ કલાક | **3. ભોપાલનો પ્રવાસ** | તા.-__________

●**અધ્યયન નિષ્પત્તિ:** બે અને ત્રણ અંકી સંખ્યાઓના એક કે બે અંક સાથે ગુણાકાર-ભાગાકાર કરી શકે. (9 ગુણ)

નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન ૧ થી ૫)

(૧) નીચે ખૂબ વર્ષો જૂના ચિત્રો છે. તેમાંથી સૌથી જૂનું ચિત્ર કયું છે? (૧ ગુણ)

(અ) ૪૫૦૦ વર્ષ (બ) ૪૨૦૦ વર્ષ (ક) ૩૫૦૦ વર્ષ (ડ) ૪૦૦૦ વર્ષ

(૨) એક બસમાં ૬૦ બાળકો સમાય છે. તો આવી ૩ બસમાં કેટલા બાળકો સમાય? (૧ ગુણ)

(અ) ૨૦૦ (બ) ૧૫૦ (ક) ૧૮૦ (ડ) ૧૬૦

(૩) એક કારમાં ૫ વ્યક્તિ બેસી શકે. તો ૩૦ વ્યક્તિ ઓ માટે કેટલી કારની જરૂર પડે? (૧ ગુણ)

(અ) ૪ (બ) ૫ (ક) ૬ (ડ) ૧૦

(૪) નીચેના માંથી કઈ સંખ્યા ની જોડીનો સરવાળો કરતાં ૪૦૦ થી વધુ જવાબ મળે? (૧ ગુણ)

(અ) ૨૦૦ અને ૧૯૬ (બ) ૧૯૨ અને ૧૮૬ (ક) ૩૦૪ અને ૯૯ (ડ) ૧૫૪ અને ૧૫૨

(૫) શિક્ષકે પાંચ બાળકો ને ત્રણ-ત્રણ ચોકલેટ આપી. હવે શિક્ષક પાસે પાંચ વધી તો શિક્ષક પાસે કેટલી ચોકલેટ હતી? (૧ ગુણ)

(અ) ૨૦ (બ) ૧૫ (ક) ૨૫ (ડ) ૧૦

નીચેના દાખલા ગણો.

(૬) ૨૫૦૦ × ૨૦ (૨ ગુણ)

(૭) ૪૦૦ ÷ ૨ (૨ ગુણ)

●**અધ્યયન નિષ્પત્તિ:** ગુણાકાર-ભાગાકાર ના આંતર સંબંધો થી સમય, અંતર, રૂપિયા-પૈસા ના વ્યવહારુ કોયડા ઉકેલે. (11 ગુણ)

(૮) આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપો. (૩ ગુણ)

| ઈંધણ | કિંમત |
|---|---|
| પેટ્રોલ | ૭૦ રૂ./લીટર |
| ડીઝલ | ૬૫ રૂ./લીટર |

૧. ૧ લીટર પેટ્રોલ ની કિંમત રૂ. ________ છે.

૨. જો બસમાં 30 લીટર ડીઝલ પુરાવ્યું તો કેટલી કિંમત ચૂકવવી પડે?

________

૩. ૧૦ લીટર પેટ્રોલ પૂરતાં ૧ મિનિટ લાગે તો ૫૦ લીટર પેટ્રોલ પૂરતાં કેટલી મિનિટ લાગે?

(૯) પેટ્રોલ નો ભાવ ૭૦ રૂપિયા/લીટર છે. ૫ લીટર પેટ્રોલ ભરાવીએ તો કેટલી કિંમત ચૂકવવી પડે? (૨ ગુણ)

(૧૦) એક વેનમાં ૭ બાળકો બેસી શકે છે. તો ૬૩ બાળકો ને પિકનિક લઈ જવા માટે કેટલી વેન જોઈએ? (૨ ગુણ)

(૧૧) એક શાળા માંથી ૨૦૦ બાળકો પ્રવાસ જવાના છે. તેમના માટે ૫૫ સીટવાળી ૪ બસ બોલાવી. જો બધાં બાળકો બસમાં બેસે તો કેટલી સીટ ખાલી રહે? (૨ ગુણ)

(૧૨) ડિઝલનો ભાવ ૭૦ રૂપિયા/લીટર છે. રાહુલે ૭ લીટર ડીઝલ પૂરાવ્યું. તેણે પેટ્રોલ પંપવાળાને ૫૦૦ રૂપિયા ની નોટ આપી. તો પેટ્રોલ પાંપવાળો રાહુલ ને કેટલા રૂપિયા પાછા આપશે? (૨ ગુણ)


# <u>કામાતળાવ પ્રા. શાળા</u>

| | | |
|---|---|---|
| ધોરણ- 4 | એકમ કસોટી | કુલ ગુણ- ૨૦ |
| સમય- ૧ કલાક | 4. ટીક ટીક ટીક | તા.-___________ |

●**<u>અધ્યયન નિષ્પત્તિ:</u>** ઘડિયાળનો ઉપયોગ કરીને સમયને કલાકમાં યોગ્ય રીતે વાંચે છે. (7 ગુણ)


**નીચે આપેલી ઘડિયાળમાં કાંટા દોરીને સમય દર્શાવો. (પ્રશ્ન ૧ થી ૩) (૩ ગુણ)**

(૧)





૧૦:૦૦

(૨)




૨:૪૫


(૩)





૪:30

**નીચે આપેલી ઘડિયાળમાં જોઈને સમય લખો. (પ્રશ્ન ૪ થી ૬) (૩ ગુણ)**

(૪)




(૫)



(૬)  થી  (૧ ગુણ)

ચિત્ર પરથી કહો કે મિનિટ કાંટાને ખસતાં ____________ મિનિટ લાગી.

(૭) કલાક કાંટો '૩' પરથી '૪' પર આવે છે. તો કલાક કાંટાને ____________ કલાક લાગશે. (૧ ગુણ)

●**<u>અધ્યયન નિષ્પત્તિ</u>:** સમયના સંદર્ભમાં કેલેન્ડર સમજે. (4 ગુણ)

(૮) ૨/૧૦/૧૯૮૫ને બીજી ______________________ રીતે લખી શકાય. (૧ ગુણ)


(અ) ૨ ઓક્ટોબર ૧૯૮૫ (બ) ૨ મે ૧૯૮૫ (ક) ૨ જૂન ૧૯૮૫ (ડ) ૨ સપ્ટેમ્બર ૧૯૮૫

(૯) ૧૩ માર્ચ ૨૦૨૦ને બીજી ______________________ રીતે લખી શકાય. (૧ ગુણ)

(અ) ૧૩/૮/૨૦૨૦ (બ) ૧૩/૩/૨૦૨૦ (ક) ૧૩/૧૨/૨૦૨૦ (ડ) ૧૩/૪/૨૦૨૦

(૧૦) ૧. ૩/૧૯ એ કયો માસ અને વર્ષ દર્શાવે છે. ______________________ (૨ ગુણ)

૨. આ દવા એપ્રિલ-૨૦૨૦માં લઈ શકાય?(હા કે ના)____________




●**<u>અધ્યયન નિષ્પત્તિ</u>:** ૧૨ કલાક અને ૨૪ કલાકની ઘડિયાળનો સંબંધ શોધે. (6 ગુણ)

૧૨ કલાકની ઘડિયાળના સમયને ૨૪ કલાકની ઘડિયાળના સમયમાં લખો. (પ્રશ્ન ૧૧ થી ૧૩) (૩ ગુણ)

(૧૧) બપોરના ૨:૧૫ કલાક =__________

(૧૨) સાંજના ૫ કલાક =__________

(૧૩) બપોરના ૧:30 કલાક =___________

નીચે આપેલ સમયને a.m અથવા p.mમાં દર્શાવો. (પ્રશ્ન ૧૪ થી ૧૬) (૩ ગુણ)

(૧૪) સવારના ૧૦:30 કલાક=___________ (૧૫) બપોરના ૨ કલાક=_________

(૧૬) રાત્રિના ૯ કલાક=______________

●**<u>અધ્યયન નિષ્પત્તિ</u>:** રોજિંદા જીવનની ઘટનાઓના સમયગાળા વિશે સમજે અને ક્રમ આપે. (૩ ગુણ)

(૧૭) (૩ ગુણ)

| | | |
|---|---|---|
| ૧૫ નવેમ્બર ૧૯૮૯ સચિન પ્રથમ ટેસ્ટ મેચ રમ્યો. | ૨૪ એપ્રિલ ૧૯૭૩ સચિનનો જન્મ થયો. | ૧૮ ડિસેમ્બર ૧૯૮૯ સચિન પ્રથમ વન ડે મેચ રમ્યો. |

સચિનના જીવન કાળને યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. ______________________ ૨. ____________________

૩. _________________________

## <u>કામાતળાવ પ્રા. શાળા</u>






ધોરણ- 4 | એકમ કસોટી | કુલ ગુણ- ૨૦

સમય- ૧ કલાક | **4. દુનિયા જોવાનો રસ્તો** | તા.-___________


●**<u>અધ્યયન નિષ્પત્તિ</u>:** વસ્તુઓને બધી બાજુઓથી જોતાં કેવી દેખાશે તેના વિશે જાણે સમજે અને દોરે.

(10 ગુણ)

**પ્રશ્ન-૧: નીચે આપેલી વસ્તુઓને બાજુએથી અને ઉપરથી જોતાં તે કેવી દેખાશે તે દર્શાવવામાં આવી છે તે યોગ્ય રીતે જોડો.** **(૫ ગુણ)**

| અ | બ |
|---|---|
|  |  |
|  |  |
|  |  |
|  |  |
|  |  |

**પ્રશ્ન-૨: નીચે આપેલ બોક્સ પરથી પ્રશ્નોના જવાબ આપો.** **(૫ ગુણ)**



આ બોક્સ પરના વિરૂદ્ધ દિશાના અંકોનો સરવાળો ૭ થવો જોઈએ.


(૧) ૪ અંકની વિરુદ્ધ દિશામાં કયો અંક આવશે?

(૨) બોક્સના તળિયે કયો અંક હશે?

(૩) ૪ અંકની ડાબી બાજુ કયો અંક હશે?


(૪) ૫ અંકની ડાબી બાજુ કયો અંક હશે?

(૫) જો તમે તે બોક્સને ખોલો તો નીચેનામાંથી કયું ચિત્ર દેખાશે?




●**અધ્યયન નિષ્પત્તિ:** નકશાની સમજ મેળવી તે આધારિત રસ્તા શોધે. (10 ગુણ)

**પ્રશ્ન-૩: નીચે આપેલ નકશા પરથી પ્રશ્નોના જવાબ આપો.** **(૫ ગુણ)**




૧) સર પ્રતાપ હાઈસ્કૂલથી નજીક શું છે?
(અ) ગોપીનું ઘર (બ) રાહુલનું ઘર


૨) સુપર માર્કેટથી નજીક શું છે?
(અ) પુસ્તકાલય (બ) બગીચો

૩) ટેનિસ કોર્ટથી દૂર શું છે?
(અ) સુપર માર્કેટ (બ) સર પ્રતાપ હાઈસ્કૂલ

૪) પુસ્તકાલયથી નજીક શું છે?
(અ) રાધાનું ઘર (બ) રાહુલનું ઘર

૫) બગીચાથી દૂર શું છે?
(અ) રાધાનું ઘર (બ) રાહુલનું ઘર

**પ્રશ્ન-૪: નીચે આપેલ નકશા પરથી પ્રશ્નોના જવાબ આપો. (૫ ગુણ)**




**(૧) વર્ગખંડમાં કેટલી બારીઓ છે?**

**(૨) બારણાની સૌથી નજીક કંઈ વસ્તુ છે?**

**(૩) બારણાની સૌથી દૂર કંઈ વસ્તુ છે?**

**(૪) બારણામાં પ્રવેશતાં કચરાપેટી કંઈ બાજુ આવે?**

**(૫) કબાટથી નજીક શું છે? બારણું કે કચરાપેટી.**

## કામાતળાવ પ્રા. શાળા

ધોરણ- 4 એકમ કસોટી કુલ ગુણ- ૨૦

સમય- ૧ કલાક **6. ભંગાર વેચનાર** તા.-___________

●**અધ્યયન નિષ્પત્તિ:** વાસ્તવિક જીવનની પરિસ્થિતિ સાથે જોડાયેલ રૂપિયા-પૈસાના ગુણાકાર અને ભાગાકાર કરે. (5 ગુણ)

**(૧) નીચે આપેલ ભાવપત્રક પરથી પ્રશ્નોના જવાબ આપો. (૫ ગુણ)**

| ભાવ પત્રક | |
|---|---|
| ભંગારનો પ્રકાર | ૧ કિગ્રાનો ભાવ |
| રદ્દી કાગળ | ₹ ૭ |
| વર્તમાન પત્ર | ₹ ૧૫ |
| લોખંડ | ₹ ૨૨ |
| પિત્તળ | ₹ ૨૭૦ |
| પ્લાસ્ટિક | ₹ ૧૦ |

૧. ૨૫ કિગ્રા વર્તમાનપત્ર વેંચતા કેટલા રૂપિયા મળે?
૨. ૫૫ કિગ્રા પ્લાસ્ટિક વેંચતા કેટલા રૂપિયા મળે?
૩. ૫ કિગ્રા પિત્તળ વેંચતા કેટલા રૂપિયા મળે?
૪. ૨ કિગ્રા વર્તમાનપત્ર અને ૪ કિગ્રા રદ્દી કાગળ વેંચતા કેટલા રૂપિયા મળે?
૫. ૫ કિગ્રા પ્લાસ્ટિક અને ૨૦ કિગ્રા લોખંડ વેંચતા કેટલા રૂપિયા મળે?

●**અધ્યયન નિષ્પત્તિ:** રૂપિયા-પૈસાના ગુણાકાર અને ભાગાકાર આધારીત વ્યવહારુ કોયડા ઉકેલી શકે. (6 ગુણ)

(૨) રાજુ ચા ની લારી ચલાવે છે. તેમાંથી તે રોજના ૧૫૦ રૂપિયા કમાય છે. તો રાજુની અઠવાડિયા ની આવક કેટલી થાય? અને એક મહિના ની કમાણી કેટલી થાય? (૨ ગુણ)

(૩) આશાબેન બ્યૂટી પાર્લર માટે બેંકમાં થી ₹ ૭૦૦૦ની લોન લીધી. તેઓ આ લોન ચૂકવવા માટે તે ૧૨ મહિના સુધી દર મહિને ₹ ૬૨૫ હપ્તો ભરે છે. તો (૨ ગુણ)

૧) આશાબેન બધા હપ્તા ભરે તો બેંક માં કેટલા રૂપિયા ભરાશે.
૨) આશાબેને બેંકમાં કેટલા વધારે રૂપિયા ભર્યા?

(૪) ભાવ પત્રકના આધારે પ્રશ્નો ના જવાબ આપો. (૨ ગુણ)

| વસ્તુ નું નામ | ૧ કિગ્રા વસ્તુની કિંમત |
|---|---|
| ગોળ | ₹ ૬૦ |
| ખાંડ | ₹ ૪૪ |
| ચોખા | ₹ ૧૦૫ |
| મીઠું | ₹ ૧૦ |

(૧) ૨ કિગ્રા ગોળ અને ૨ કિગ્રા ચોખા ની કુલ કિંમત કેટલી થાય?

(૨) ખાંડ અને મીઠા ની કિંમતમાં કેટલો તફાવત છે?

●**<u>અધ્યયન નિષ્પત્તિ:</u>** હજાર સુધીના નોટ-સિક્કાના સરવાળા કરે. (9 ગુણ)

નીચે આપેલ પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન ૫ થી ૮) (૪ ગુણ)

(૫) ૨૦૦ રૂપિયાની પાંચ નોટો એટલે ............... રૂપિયા. (૧ ગુણ)

(અ) ૫૦૦ (બ) ૧૦૦૦ (ક) ૧૫૦૦ (ડ) ૨૦૦૦

(૬) ૫ રૂપિયા કરવા ૫૦ પૈસાના સિક્કા ............ થાય. (૧ ગુણ)

(અ) ૧૦ (બ) ૬ (ક) ૪ (ડ) ૮

(૭) ૨૦૦૦ રૂપિયા ની ૪ નોટો એટલે ............... રૂપિયા. (૧ ગુણ)

(અ) ૨૦૦૦ (બ) ૬૦૦૦ (ક) ૪૦૦૦ (ડ) ૮૦૦૦

(૮) ૨૦૦ રૂપિયાની એક નોટ, ૧૦૦ રૂપિયાની ત્રણ નોટો, ૧૦ રૂપિયાની ૪ નોટો એટલે ............... રૂપિયા. (૧ ગુણ)

(અ) ૪૫૦ (બ) ૫૨૦ (ક) ૫૪૦ (ડ) ૩૪૦

(૯) નીચેના કોષ્ટકની વિગતો પૂર્ણ કરો. (૫ ગુણ)

| ખરીદી | વેચાણ |
|---|---|
| ₹ ૨૩૫૦ | ₹ ૧૨૩૫ |
| ₹ ૯૨૦ | ₹ ૧૫૦૦ |
| ₹ ૨૪૫ | ₹ ૧૫૦ |
| ₹ ૩૭૦૦ | ₹ ૫૨૮૫ |
| કુલ- ₹ ૭૨૧૫ | .................. |
| રામજીભાઈ ................ રૂપિયા કમાયા. | |

# **કામાતળાવ પ્રા. શાળા**

| | | |
|---|---|---|
| ધોરણ- 4 | એકમ કસોટી | કુલ ગુણ- ૨૦ |
| સમય- ૧ કલાક | 7. જગ અને મગ | તા.-___________ |

●**અધ્યયન નિષ્પત્તિ:** ગુંજાશના વિવિધ એકમો જાણે અને તેનો વિવિધ પરિસ્થિતિમાં ઉપયોગ કરે. (10 ગુણ)

**પ્રશ્ન-૧: નીચે આપેલ પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. (પ્રશ્ન ૧ થી ૫) (૫ ગુણ)**

**(૧) ૧૦૦૦ મિલિ એટલે ............... લિટર. (૧ ગુણ)**

**(અ) ૧૦૦ (બ) ૧૦ (ક) ૧ (ડ) ૧૦૦૦**

**(૨) નીચેના માં થી કયો ગુંજાશ નો એકમ કયો છે?.......... (૧ ગુણ)**

**(અ) લિટર (બ) કિમી (ક) કિગ્રા (ડ) સેમી**

**(૩) ૧ લિટર ની સોડાની બોટલ માંથી ૨૫૦ મિલિના .............. ગ્લાસ ભરાય. (૧ ગુણ)**

**(અ) ૧ (બ) ૨ (ક) ૩ (ડ) ૪**

**(૪) ૧ લિટર = ૨૫૦ મિલિ + .............. મિલિ. (૧ ગુણ)**

**(અ) ૫૦૦ (બ) ૭૫૦ (ક) ૨૫૦ (ડ) ૧૦૦**

**(૫) ૧ લિટરની પાણી ની બોટલ ભરવા ૨૦૦ મિલિ ના કેટલા પાણી ના ગ્લાસ રેડવા પડે? .............. (૧ ગુણ)**

**(અ) ૫ (બ) ૭ (ક) ૬ (ડ) ૪**

**(૬) નીચે આપેલ જોડકાં જોડો. (૫ ગુણ)**

| અ | બ |
|---|---|
| ૧ લિટર | ૭૫૦ મિલિ |
| અડધો લિટર | ૧૫૦૦ મિલિ |
| પા લિટર | ૧૦૦૦ મિલિ |
| પોણો લિટર | ૫૦૦ મિલિ |
| દોઢ લિટર | ૨૫૦ મિલિ |

●**<u>અધ્યયન નિષ્પત્તિ</u>:** ગુંજાશ આધારીત વ્યવહારિક કોયડા ઉકેલે. (10 ગુણ)

**નીચે આપેલ દાખલા ગણો. (પ્રશ્ન ૭ થી ૧૧)**

**(૭) છાયાબેનના ઘરે ૧ લિટર દૂધ છે. તેમાંથી ૩૦૦ મિલિ દૂધ રેખાબેન અને ૪૦૦ મિલિ દૂધ રોમાબેન લઈ ગયા. હવે છાયાબેન પાસે કેટલું દૂધ બાકી રહેશે? (૨ ગુણ)**

**(૮) રાજુ ચા વાળો ૧ કપ ચા બનાવવા ૨૦ મિલિ દૂધ વાપરે છે. તે રોજના ૧૦૦ કપ ચા બનાવે તો રાજુને રોજના કેટલા લિટર દૂધ જોઈએ? (૨ ગુણ)**

**(૯) મોહનભાઇ ને ડોક્ટરે ૨૦૦ મિલિ દવાની બોટલ આપી અને ડોક્ટરે દિવસમાં બે વખત ૧૦-૧૦ મિલિ દવા લેવા કહ્યું. તો મોહનભાઇ ને કેટલા દિવસ દવા ચાલશે? (૨ ગુણ)**

**(૧૦) શોભબેનની ભેંસ સવારે ૨૫૦૦ મિલિ દૂધ અને સાંજે ૧૫૦૦ મિલિ દૂધ આપે છે. તો શોભાબેનની ભેંસ દિવસમાં કેટલા લિટર દૂધ આપે? (૨ ગુણ)**

**(૧૧) (૨ ગુણ)**

